# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

## બ્લોક નં. ૨,પહેલો માળ,કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦–એ,ગાંધીનગર

**(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)**

## કમ્પ્યુટર બેઝ્ડ રીસપોન્સ ટેસ્ટ (CBRT) માટે એક કરતા વધુ શિફ્ટ(Multi shift)માં યોજાતી પરીક્ષા માટે નોર્મલાઇઝેશન (Normalization) પદ્ધતિ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા એક કરતાં વધુ શિફ્ટ (Multi-session/Multi-shift)માં લેવાતી તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉમેદવારોએ મેળવેલ ગુણના મૂલ્યાંકન ક્ષેત્રે **સંપૂર્ણ સમાનતા અને ન્યાયીપણું મેળવી** શકાય તે હેતુથી ભારતમાં વર્તમાન સમયમાં Multi-shiftમાં યોજાતી મોટા ભાગની રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની સ્પર્ધાત્મક તેમજ પ્રવેશ પરીક્ષાઓમાં વપરાતી સર્વસ્વીકૃત પદ્ધતિ **“Equi-Percentile Normalization Method”** (ઇક્વિ–પર્સન્ટાઇલ નોર્મલાઇઝેશન પદ્ધતિ) અપનાવવાનો નિર્ણય કરેલ છે.

અલગ–અલગ શિફ્ટના પ્રશ્નપત્રોના કઠિનતાના સ્તર (Difficulty Level)માં ઉમેદવારોને જણાતી સાપેક્ષ ભિન્નતાના કારણે કોઈ પણ **ઉમેદવારને અન્યાય કે ગેરલાભ થયો હોવાની લાગણી ન થાય તેમજ તમામ ઉમેદવારોના ગુણનું તુલનાત્મક અને ન્યાયી મૂલ્યાંકન** થઇ શકે તે સુનિશ્ચિત કરવાના આશયથી ગાણિતિક મોડેલ દ્વારા તમામ ઉમેદવારોનું મેરિટ સમાન અને ન્યાયી ધોરણે (Level Playing Field) નક્કી કરી શકાય તે માટે આ વૈજ્ઞાનિક પદ્ધતિનો અમલ કરવાનો મંડળ દ્વારા નિર્ણય કરેલ છે.

ભારતમાં વર્તમાન સમયમાં નીચે મુજબની મહત્વની રાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા આ પદ્ધતિનો ઉપયોગ કરી વિવિધ પરીક્ષાઓ લેવામાં આવે છે.

1) **National Testing Agency (NTA) – (Including JEE/NEET)**
2) **Railway Recruitment Boards (RRBs)**
3) **Staff Selection Commission (SSC)**
4) **Institute of Banking Personnel Selection (IBPS) & SBI**
5) **Indian Institutes of Management (IIMs)**

Downloaded from AIJobAlert.com · Verify all details on the official website.

**Equi-Percentile Normalization Method (ઇક્વિ–પર્સન્ટાઇલ નોર્મલાઇઝેશન પદ્ધતિ)** એ એક વૈજ્ઞાનિક અને ગાણિતિક પ્રક્રિયા છે. અલગ–અલગ Shiftમાં લેવાતી પરીક્ષાઓમાં  ભાગ લેતા ઉમેદવારોને પ્રશ્નપત્રોના કઠિનતાના સ્તર અલગ–અલગ જણાતા હોય છે. કોઈ Shiftનું પેપર ઉમેદવારોને સરળ લાગી શકે  છે, જ્યારે કોઈ Shiftનું પેપર ઉમેદવારોને કઠિન લાગી શકે છે. આવી સ્થિતિમાં માત્ર **Raw Marks (મૂળ ગુણ = ઉમેદવારે પરીક્ષામાં મેળવેલ વાસ્તવિક ગુણ)**ના આધારે ઉમેદવારોની સરખામણી કરવાથી યોગ્ય તથા ન્યાયી પરિણામ ન મળી શકે. આ સમસ્યાના સમાધાન રૂપે વિવિધ **Normalization Methods** વપરાય  છે, તેમાંથી **Equi-Percentile Normalization Method** વર્તમાન સમયમાં એક મહત્વની સર્વસ્વીકૃત પદ્ધતિ છે, જેનો મંડળ દ્વારા Computer Based Response Test (CBRT) પરીક્ષા માટે અપનાવવાનો નિર્ણય કરેલ છે.

**"Equi-Percentile Normalization Method"**ની વિગતવાર સમજૂતી મંડળ દ્વારા સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવશે.

**સ્થળ: ગાંધીનગર**
**તારીખ: ૦૭/૦૯/૨૦૨૬**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**
**ગાંધીનગર**

Downloaded from AIJobAlert.com · Verify all details on the official website.